ક્રમાંક. ક - ૩/પરચ/૨૦૨૬/૪૬૫૭
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે,કારેલીબાગ,
વડોદરા.
તા.૫/૪/૨૦૨૬

૨/- જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ પ્રા.મા. અને ઉ.મા. શાળાઓ,(તમામ)
જિ. વડોદરા.

**નકલ રવાના (જાણ તથા અમલવારી કરવા સારું.)**

- શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) જિ. વડોદરા

**પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકન**

પત્રક્રમાંક:મઉમશબ/માધ્યમિક/ખાનગી/352
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, સચિવાલય પાસે,
ગાંધીનગર.
તારીખ: 03/08/2026

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી (તમામ),
ગુજરાત રાજ્ય

વિષય – ધોરણ-09 અને 10ની અધ્યયન નિષ્પત્તિઓ આધારિત પ્રશ્નબેંક મૂલ્યાંકન બાબત.
(શૈક્ષણિક વર્ષ 2026-27)
સંદર્ભ – ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડના પત્રક્રમાંક-મઉમશબ/સંશોધન/2025/2544-86,
તા.03/09/2025

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે વિદ્યાર્થીઓના શિક્ષણના અભ્યાસમાં સાતત્ય જળવાઈ રહે તેમજ સતત મૂલ્યાંકન દ્વારા શિક્ષણની ગુણવત્તાના સુધારના હેતુથી રાજ્ય સરકાર દ્વારા વિવિધ પ્રયાસો કરવામાં આવી રહેલ છે. જેના અનુસંધાને ધોરણ-09 અને 10ના વિદ્યાર્થીઓ માટે પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકનની પદ્ધતિ દ્વારા એકમ કસોટી અમલમાં મૂકેલ. જેમાં શાળાએ પ્રશ્નબેંકમાંથી પ્રશ્નો પસંદ કરી પોતાની રીતે મૂલ્યાંકન હાથ ધરવાનું રહેશે. પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકનનો પત્ર તા.03/09/2025નો અમલ કરવા જણાવવામાં આવે છે.

બોર્ડ દ્વારા તૈયાર કરવાની થતી અંદાજીત પ્રથમ સત્રમાં તા: 07/09/2026 થી તા:17/09/2026 અને બીજા સત્રની એકમ કસોટી તા.21/12/2026 થી તા.31/12/2026 દરમ્યાન યોજવાની રહેશે. પ્રથમ સત્રની પ્રશ્નબેંક 31 ઓગસ્ટ સુધીના અભ્યાસક્રમ ધ્યાને લઇ તથા ડિસેમ્બર માસની બીજા સત્રની પ્રશ્નબેંક 15 ડિસેમ્બર સુધીના અભ્યાસક્રમ ધ્યાને લેવાનો રહેશે. પ્રથમ પ્રશ્નબેંક તા.01/09/2026 થી તા.04/09/2026 સુધીમાં તથા બીજી પ્રશ્નબેંક તા.15/12/2026 થી તા.18/12/2026 સુધીમાં કચેરી દ્વારા ઓનલાઇન પોર્ટલ પર મુકવામાં આવશે.

સૂચનાઓ:-

- શાળાઓએ ધોરણ-09 અને 10નું પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકન સામેલ સમય પત્રક મુજબ 01 કલાકના સેશનમાં યોજવાનું રહેશે.
- પ્રશ્નબેંક અધ્યયન નિસ્પત્તિ આધારિત બનાવેલ છે. તે મુજબ 25 ગુણની કસોટી લેવાની રહેશે.
- પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકન માટે ધોરણ-09 અને 10 ના ગુજરાતી, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વિષયો માટેની પ્રશ્નબેંક બોર્ડ દ્વારા તૈયાર કરી મોકલવામાં આવશે.
- શાળાઓ બોર્ડની વેબસાઇટ **www.gseb.org** પર શાળાનો ઈન્ડેક્ષ નંબર તથા પાસવર્ડ લોગ ઇન કરી પ્રશ્નબેંક ડાઉનલોડ કરી શકશે.

જિ. શિ. અ. કચેરી, વડોદરા
પત્રની નોંધણી નંબર 3458
તારીખ 4/8/26
સહી

બેડીકી સહી ........

- ઓનલાઇન મેળવેલ પ્રશ્નબેંકના આધારે શાળાએ પ્રશ્નો પસંદ કરી લીધેલ કસોટીનું ગુણાંકન દિન-૩ માં કરવાનું રહેશે. જે માટે વિષયવાર પ્રશ્નબેંકમાં આપેલ સૂચનાઓને અનુસરવાની રહેશે. મૂલ્યાંકન બાદ વિદ્યાર્થીઓને પરિણામની જાણ કરવાની રહેશે. ઉત્તરવહીમાં વાલીની સહી અચૂક લેવાની રહેશે.
- શાળાએ વિદ્યાર્થીઓના મૂલ્યાંકનની કાર્યવાહી યોગ્ય રીતે થાય તેની તકેદારી રાખવી તથા મૂલ્યાંકન બાદ વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણની વિગતો અને જરૂરી દરતાવેજો સમગ્ર વર્ષ દરમ્યાન શાળા કક્ષાએ સાચવી રાખવાના રહેશે.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા સમયાંતરે એકમ કસોટી સંબંધિત અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે તથા દરેક શાળામાં યોગ્ય રીતે મૂલ્યાંકન પ્રક્રિયા હાથ ધરાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.
- શાળાના વાર્ષિક નિરીક્ષણ વખતે પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકન યોગ્ય રીતે થયેલ છે કે કેમ? તે ધ્યાને લેવાનું રહેશે.
- રાજ્યની તમામ સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓએ ફરજીયાતપણે બોર્ડ દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રશ્નબેંકના આધારે વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવાનું રહેશે. જ્યારે સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ પ્રશ્નબેંકનો સ્વૈચ્છિક રીતે ઉપયોગ કરી શકશે.

(જે.કે. પટેલ)
નાયબ નિયામક (પરીક્ષા માધ્યમિક)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

<u>સવિનય નકલ રવાના:-</u>

1. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.
2. માનનીય નાયબ અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
3. માનનીય સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.